## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ શહેરમાં રાત્રી કર્ફયુનો સમય ઘટાડવા તથા રસીકરણ માટેના વધુ સેન્ટરો શરૂ કરવા સરકારશ્રી સમક્ષ કરાયેલ રજૂઆત....

વિશ્વવ્યાપી કોરોના મહામારીએ ફરીવાર રાજય તથા સમગ્ર દેશમાં પગ પેસારો કર્યો છે. કોરોના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહયો છે ત્યારે ગુજરાત રાજય દ્વારા કોરોનાને કાબુમાં લાવવા માટે જરૂરી પગલાઓ અને નિયમોની અમલવારી કરેલ છે તે આવકારદાયક છે. જે અનુસંધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નોડલ ઓફિસરશ્રી ( રાજકોટ જીલ્લો) રાહુલ ગુપ્તા, કલેકટરશ્રીમતી રેમ્યા મોહન તથા મ્યુનિશીપલ કમિશ્નરશ્રી ઉદિત અગ્રવાલ સમક્ષા નીચે મુજબ રજુઆતો ધ્યાને મુકેલ છે.

(૧) સરકારશ્રીએ શહેરમાં રાત્રીના ૧૦ થી સવારના ૬ સુધી રાત્રી કર્ફયુની અમલવારી કરેલ છે. જે સબબ અગાઉ સતત ૨ મહિના આસપાસ લોકડાઉનને કારણે વેપાર-ઉદ્યોગને પારાવાર નુકશાન થયું છે અને આર્થીક મંદીમાં સંપડાયેલ છે. વેપાર-ધંધાએ માંડ માંડ વેગ પકડયો હોય ત્યારે રાત્રી કર્ફયુના સમયમાં ફેરફાર કરવો અયોગ્ય જણાઈ રહયું છે. સાથો સાથ હાલમાં જ રાજયની ઈન્કમટેક્ષા આવકમાં પણ ૧૦ થી ૧૫% નો ઘટાડો થયો છે ત્યારે વેપાર-ધંધાઓમાં આર્થિક નુકશાન ન થાય અને લોકો સરકારશ્રીની તમામ ગાઈડલાઈનનું પાલન કરી પોતાનો વેપાર-ધંધો મોડે સુધી કરી શકે તે માટે રાત્રી કર્ફયુનો સમય ઘટાડી રાત્રીના ૧૧ થી ૬ રાખવા રજુઆત કરેલ છે.

(૨) કોરોના સંક્રમણના ફેલાવવા તથા તેને કાબુમાં લેવા માટે સરકારે રસી આપવાની શરૂઆત કરેલ છે. જે ખરેખર પ્રસંશનીય અને આવકાદાયક કામગીરી છે. હાલ રસી આપવા માટેની કામગીરી માત્ર સરકારી હોસ્પીટલો, આરોગ્ય કેન્દ્રમાં તથા અમુક જ ખાનગી હોસ્પિટલોમાં ચાલી રહી છે. ત્યારે શહેરની પાત્રતા ધરાવતી તમામ ખાનગી હોસ્પિટલોમાં પણ રસીકરણની કામગીરી કરવાની મંજુરી આપવી જરૂરી છે. જેથી કરીને રસીકરણની કામગીરી ઝડપથી થઈ શકે અને સંક્રમણના ફેલાવવાને અટકાવી શકાય.

(૩) સરકારશ્રીએ સૌપ્રમથ કોરોના વોરીયર્સ અને ૬૦ વર્ષના વડીલો તથા ૪૫ વર્ષથી વધુ ઉંમરના કોમોબીડ દર્દીઓને જ રસી આપવાનું નકિક કરેલ છે. પરંતુ હાલ બીજા તબકકામાં કોરોનાની અસર વધુ

પ્રસરી ગયેલ હોય ત્યારે ૪૫ વર્ષથી વધુના ઉંમરના તમામ લોકોને તાત્કાલીક અસરથી પણ રસી આપવાની શરૂઆત કરવામાં આવે તેવી રજુઆત કરેલ છે.

સાથો સાથ તમામ વેપાર-ઉદ્યોગકારો તથા આમ પ્રજાજનોને કોરોનાની ભયંકર બીજી લહેરને ધ્યાનમાં રાખી સરકારશ્રીની તમામ ગાઈડલાઈનનું પાલન કરી સાવચેતી રાખવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અપીલ કરવામાં આવે છે.



**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને DRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે અનુસંધાને રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી પરમેશ્વર ફુંકવાલને રૂબરૂ મળી રાજકોટ રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆતો કરવામાં આવેલ.

(૧) કોરોના આનુસાંગીક લોકડાઉનને ૧ વર્ષ પુર્ણ થવા આવેલ હોવા છતા રાજકોટ ડિવીઝન દ્વારા વાંકાનેર-મોરબી વચ્ચે માત્ર એક જ ડેમુ ટ્રેઈન શરૂ કરવામાં આવેલ છે. વિવિધ સ્થળો જેવા કે દ્વારકા, સોમનાથ, જુનાગઢ, પોરબંદર, મોરબી વગેરે સ્થળો માટે લોકલ ટ્રેઈનો શરૂ કરવામાં આવેલ નથી જેના કારણે સાધારણ માણસો ખાસ કરીને ગરીબ પ્રજા ખુબ જ મુશ્કેલીઓ અને સમસ્યાઓ સહન કરી રહયા છે. આવી લોકલ ટ્રેઈનો અર્ધ શહેરી વિસ્તારોમાં ચલાવવામાં આવે છે. તેથી રાજકોટ ડિવીઝન દ્વારા તમામ લોકલ ટ્રેઈનો નિયમીત શેડયુલ પ્રમાણે વહેલામાં વહેલીતકે શરૂ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ છે.

(૨) રેલ્વે બોર્ડ દ્વારા જારી કરાયેલ નિર્ણય મુજબ દેશભરમાં ચાલતી તમામ લોકલ ટ્રેઈનોને સ્પેશ્યીલ ટ્રેઈન તરીકે ગણીને તેમાં મેઈલ એકસપ્રેસ ટ્રેઈનનું ભાડું વસુલવામાં આવશે. સામાન્ય પ્રજાજનો માટે આ નિર્ણય ખુબ જ ખચર્ાળ જણાઈ રહયો છે. કારણ કે, મેઈલ એકસપ્રેસ ટ્રેઈન દ્વારા ટુંકા અંતર માટે મીનીમમ દર વસુલવામાં આવે છે. આ પ્રકારના અવ્યવહારૂ નિર્ણયો કોમન મેનની મુશ્કેલીઓમાં વિશેષ **વધારો કરવા સિવાય કશું જ નથી. તેથી તમામ પ્રકારની લોકલ ટ્રેઈનનું ભાડું માત્ર અગાઉના દરે પ્રમાણે જ વસુલ થવું જોઈએ.**

(૩) રેલ્વે પ્લેટફોર્મ ટીકીટનો દર જે પહેલા રૂા.૧૦ હતો તેને છેલ્લા છ મહિનાથી વધારી રૂા.૫૦ કરવામાં આવેલ છે. હાલના સમયમાં ૬૦% જેટલી ટ્રેઈનો સ્પેશ્યીલ ટ્રેઈન તરીકે દોડતી હોવાના કારણે સદર પ્લેટફોર્મ ટીકીટનો દર રૂા.૧૦ સુધી નિર્ધારિત રાખવા માંગણી કરવામાં આવેલ છે.

(૪) ઓખા-મુંબઈ વચ્ચે દોડતી સૌરાષ્ટ્ર મેઈલના સમયમાં સુધારો કરવામાં આવેલ છે. જે મુજબ બીજી એક ટ્રેઈન કે જે વેરાવળ-બાન્દ્રા (સૌરાષ્ટ્ર જનતા) વચ્ચે દોડે છે તે ટ્રેઈનના પ્રસ્થાન બાદ તુરંત જ ૧૫ મિનીટે સૌરાષ્ટ્ર મેઈલનો પ્રસ્થાન સમય નકિક કરાયેલ છે. એક જ રૂટ ઉપર એક જ સ્થળ ઉપરથી પ્રસ્થાન કરતી બે ટ્રેઈનો વચ્ચેનો માત્ર ૧૫ મિનીટનો સમયગાળો ખુબ જ હાસ્યસ્પદ જણાય રહયો છે. આના કારણે પેસેન્જર ટ્રાફિક નિશ્ચીત પણે ઘટવા પામશે. તેથી ઓખા-મુંબઈ સૌરાષ્ટ્ર મેઈલનો તત્કાલીન પ્રસ્થાન સમય યથાવત રાખવા માંગણી કરવામાં આવેલ છે.

રાજકોટ ચેમ્બર દ્વારા કરાયેલ ઉપરોકત મુદાઓની રજુઆતો પ્રત્યે રાજકોટ ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રી પરમેશ્વર કુંકવાલએ હકારાત્મક અભિગમ દાખવી આ અંગે તાત્કાલીક યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે તેવી ખાત્રી આપવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ બજેટને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે...

ગુજરાત રાજયના નાંણામંત્રીશ્રી નિતીનભાઈ પટેલ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨નું નવમી વખતનું બજેટ રજુ કરવામાં આવેલ. કોરોનાના કપરાકાળમાં ગુજરાત રાજયના વિકાસને વધુ વેગવંતુ બનાવવા માટે સરકારે અત્યાર સુધીનું સૌથી મોટું અને પ્રથમ પેપરલેસ તેમજ પુરાંતવાળું બજેટ રજુ કરેલ છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ બજેટમાં કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ટેકસમાં કોઈપણ પ્રકારે વધારો નહી કરવો તથા નવા વેરો નહી નાખવાની જાહેરાત કરી છે. બજેટમાં વિવિધ ક્ષોત્રો માટે અનેક જાહેરાતો કરી છે. જેમાં વેપાર-ઉદ્યોગોના વિકાસને વધુ વેગવંતા બનાવવા નવી ઔદ્યોગીક વસાહતો સ્થાપવી, કૃષિ ખેડુત કલ્યાણ યોજના, જળ સંપતિ યોજના, શિક્ષાણ, આરોગ્ય, પાણી પુરવઠા, આદિજાતી વિકાસ, પંચાયત અને ગ્રામ વિકાસ, શહેરી વિકાસ, માર્ગ અને મકાન, બંદર તથા વાહન વ્યવહાર, ઉદ્યોગ અને ખાણ, કાયદો અને વ્યવસ્થા, વિગેરે માટે યોજનાઓ જાહેર કરી કરોડોની જોગવાઈઓ કરેલ છે. આ બજેટમાં રાજય સરકારે રોજગારી અંગે પણ મોટી જાહેરાત કરેલ છે. રાજયમાં આવેલ ઐતિહાસીક અને પૌરાણીક મહત્વ ધરાવતા યાત્રાધામોમાં સોમનાથ, અંબાજી, દ્વારકા, સાપુતારા, અને ગીરમાં યાત્રાળુઓ માટે હેલીપોર્ટ બનાવવા માટેની પણ જાહેરાત કરેલ છે જેથી ધર્મપ્રમીઓમાં પણ હષ્ર્ાની લાગણી છવાયેલ છે.

સાથોસાથ રાજય સરકારે બજેટ અંતર્ગત અન્ય શહેરોની સાથે રાજકોટ શહેરને મેટ્રો લાઈટ, મેટ્રો નીયો પ્રોજેકટ ફાળવી તમામ વર્ગના લોકોને એક આકર્ષક ભેટ આપેલ છે જેનાથી પ્રજાનો સમય, ઈંધણ વગેરેમાં બચાવ થશે અને વધુ એક સારી સુવિધાનો લાભ મળશે. રાજકોટ ખાતે મેડિકલ ડિવાઈસ પાર્ક, રાજકોટ સહિતના ૬ સ્થળોએ પીપીપી મોડેલ પર નવા બસ સ્ટેન્ડો બનાવવાની પણ જાહેરાત કરેલ છે. જેને રાજકોટની જનતા સહર્ષ લાગણી સહ આવકારે છે. આમ ગુજરાત રાજયનું બજેટ રાજયના સર્વાંગી વિકાસ માટે તેમજ ગ્રામ્યલક્ષી, ખેડુતલક્ષી, અને ખાસ કરીને શિક્ષાણલક્ષી અને આરોગ્યલક્ષી કહી શકાય. આ બજેટથી સાર્વત્રીક સ્તરે વિકાસ થશે અને ગુજરાત રાજય એક રોલ મોડેલ તરીકે ઉભરી આવશે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ માટે વધુ ફલાઈટો શરૂ કરવા માટે કરાયેલ રજુઆતોને મળેલ સફળતાઓ...

રાજકોટ-સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો તથા પ્રજાજનો પોતાના કામકાજો તથા મેડિકલ ઈમરજન્સી માટે રાજકોટ-મુંબઈ તથા રાજકોટ-દિલ્હી વચ્ચે  અવાર-નવાર એરલાઈન્સ દ્વારા મુસાફરી કરતા હોય છે. તેમજ દિન-પ્રતિદિન આ બંન્ને શહેરો વચ્ચે મુસાફરોની ટ્રાફિક સમસ્યા વધતી જાય છે. ત્યારે તેઓને વધુ સારી હવાઈ સેવા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અવાર-નવાર કેન્દ્ર તથા રાજય સરકારમાં વધુ એરલાઈન્સ સેવાઓ શરૂ કરવા રજુઆત કરવામાં આવેલ હતી. તેમજ તાજેતરમાં રાજકોટ ચેમ્બરના હોદેદારોએ રાજકોટ એરપોર્ટ ખાતે નવનિયુકત થયેલ ડાયરેકટરશ્રી દિગંત બોરા સાથે પણ રાજકોટ ચેમ્બર ઓફિસ ખાતે મિટીંગ યોજી રાજકોટ એરપોર્ટ પર પુષ્કળ પ્રમાણમાં ટ્રાફીક રહેતો હોય તેને ધ્યાનમાં રાખી વધુ ફલાઈટો શરૂ કરવા તથા એરલાઈન્સની સુવિધા અર્થે રજુઆત કરવામાં આવેલ હતી. રાજકોટ ચેમ્બરની આજ સુધીની રજુઆતના ફળ સ્વરૂપે સ્પાઈસ જેટ દ્વારા રાજકોટ-દિલ્હી તથા રાજકોટ-મુંબઈ અને રાજકોટ બેગ્લોરની વધુ ફલાઈટો શરૂ કરવામાં આવેલ છે. તેમજ સ્પાઈસ જેટ દ્વારા રાજકોટ-

હૈદરાબાદ માટેની ફ્લાઈટ પણ ૭ માર્ચથી શરૂ કરવામાં આવશે. અને રાજકોટ-ગોવા માટે સ્પાઈસ જેટની ફ્લાઈટ તા.૧૭ માર્ચથી શરૂ કરવામાં આવશે. સાથોસાથ એરઇન્ડિયા દ્વારા પણ રાજકોટ- મુંબઈ તથા રાજકોટ દિલ્હી માટેની ફ્લાઈટ પણ શરૂ કરવામાં આવેલ છે.

હજુ રાજકોટ ચેમ્બર દ્વારા માંગણી કરાયેલ છે કે ઈન્ડીગો એરલાઈન્સ માટેની વધુ ૪ ફ્લાઈટો રાજકોટ-મુંબઈ તથા રાજકોટ-દિલ્હી માટે ફ્લાઈટો શરૂ કરે જે પણ આગામી માર્ચ માસના અંત સુધીમાં શરૂ થઈ જશે. સાથોસાથ રાજકોટના વેપાર-ઉદ્યોગકારોને પાર્સલ મોકલવા માટે એરકાર્ગોની સુવિધા પણ માર્ચ માસના અંતમાં શરૂ થઈ જશે. રાજકોટ ચેમ્બરની માંગણીઓનો સ્વીકાર થવાથી વેપાર-ઉદ્યોગકારો તથા આમ જનતામાં ખુશીની લાગણી પ્રસરી છે અને રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને ફ્લાઈટના ભાડામાં પણ ઘણી રાહત થઈ જશે. આમ રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને આવનારા સમયમાં વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે વારંવાર રજુઆતો અને માંગણીઓને સારો એવો પ્રતિસાદ સાંપડેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના નાનામૌવા રોડ જડુસ રેસ્ટોરન્ટવાળા મહત્વના ચોકમાં ઉદ્ભવતી ટ્રાફિક સમસ્યાના નિરાકરણ બાબતે પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

શહેરના મહતમ ઈન્ડસ્ટ્રીયલ એકમો મેટોડા જીઆઈડીસી ખાતે આવેલ છે. રાજકોટ થી મેટોડા જીઆઈડીસી ખાતે દિવસ-રાત ઉદ્યોગકારો, ઈન્ડસ્ટ્રીયલ એકમોની સ્ટાફ બસો તથા માલવાહક સાધનો અવર જવર કરતા હોય છે. તેઓને સાંજે પરત આવવાના સમયે જડુસ રેસ્ટોરન્ટવાળા મહત્વના ચોકમાં ટ્રાફિક જામ થવાની સમસ્યાનો સામનો કરવો પડે છે. કારણ કે, આ ચોકમાં સિગ્નલ બંધ થવા માટેની ૧૮૦ સેકન્ડ રાખવામાં આવેલ છે. જયારે સિગ્નલ ખુલવા માટેની ૪૦ સેકન્ડ રાખવામાં આવેલ છે. જેના કારણે વાહન ચાલકોના ઈંધણ તથા સમયનો બગાડ થાય છે અને સિગ્નલ ખુલતા એકસાથે પ્રવાહમાં વાહનો નિકળે છે અને લોકો ટ્રાફિક સમસ્યાનો સામનો કરી રહયા છે.

આમ, જો કેકેવી હોલ ચોકના સિગ્નલ ટાઈમીંગની સિસ્ટમ જડુસ રેસ્ટોરન્ટવાળા ચોકમાં અમલીકૃત કરવામાં આવે અને સાંજના ૬ થી ૮ પરત જવા માટે અથવા તો આખો દિવસ કાયમી ધોરણે સિગ્નલ બંધ કરવાની સેકન્ડમાં ઘટાડો કરી સિગ્નલ ખોલવાની સેકન્ડમાં મહતમ ૬૦ સેકન્ડનો વધારો કરવામાં આવે જેથી કરીને જડુસ રેસ્ટોરન્ટવાળા ચોકમાં ઉદ્યોગકારો તથા વાહનચાલકોને પડતી ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવી શકાય તેવી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા શ્રી બી.એ. ચાવડા સાહેબ, મદદનીશ પોલીસ કમિશ્નર-ટ્રાફિક શાખાને ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે.





## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના દ્વારા CGST ચીફ કમિશ્નર શ્રીમતી સીમા અરોરાની રાજકોટ ખાતે રૂબરૂ મુલાકાત લઈ વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા તા.૨૬-૨-૨૦૨૧ ના રોજ રાજકોટ ખાતે આવેલ CGST ચીફ કમિશ્નર શ્રીમતી સીમા અરોરાની રૂબરૂ મુલાઈકાત લઈ નીચે મુજબ વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓના યોગ્ય નિરાકરણ લાવવા માટે રજુઆત કરવામાં આવેલ.

(૧) સમગ્ર GST પ્રક્રિયામાં ઘણાં બધા વેચનાર અને લેનાર સંકળાયેલ હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં વચ્ચેના કોઈ તબકકે કોઈ જાતની ગેરરીતી આચરવામાં આવે તો છેલ્લો વ્યવહાર કરનાર વ્યકિતએ ભોગ બનવું પડે છે કે જેને નિયમોનુસાર મળવાપાત્ર ITC મેળવેલ હોવા છતા તેને રીવર્સ કરવાની ફરજ પાડવામાં આવે છે. પ્રક્રિયામાં દર્શાવેલ સદર ક્ષતીના નિવારણ અર્થે ટેક્ષ પેયર દ્વારા કેવા સલામતીભર્યા પગલા લેવા જરૂરી છે તે સબબ રજુઆત કરવામાં આવેલ છે. GST એકટમાં ટેક્ષ પેયરની સલામતી માટે યોગ્ય અને ચુસ્ત પ્રાવધાન કરવા જરૂરી છે.

(૨) પરિવહન દરમ્યાન માલ-સામાનની ચકાસણી દરમ્યાન ઈ-વે બીલમાં ખુબ જ નાની અથવા નગણ્ય કે શરતચુકથી એકાદ આંકડામાં ફેરફાર થવાને કારણે પરીવહન કરતા ટ્રકને અટકાયતમાં લેવામાં આવે છે. આવ કિસ્સામાં કોઈ દંડ ન કરવાની સુચના આપવામાં આવેલ હોવા છતા તેને અવગણવામાં આવે છે. આના કારણે GST અને પેનલ્ટી બન્ને ચુકવવા પડે છે.

(૩) રીફંડના કિસ્સામાં ફોર્મ RFD 08 (કારણદર્શક નોટીસ) ઈશ્યું કરવું ફરજીયાત હોવા છતા અનેક કિસ્સાઓમાં આવી કારણદર્શક નોટીસ બજાવ્યા સિવાય સીધો ઓર્ડર (ફોર્મ RFD 08) ઈશ્યું કરવામાં આવે છે.

(૪) અનેક રીફંડ અને તેને આનુશાંગીક કિસ્સાઓમાં જરૂરી અપીલ વર્ષ ૨૦૧૮ માં ફાઈલ કરેલ હોવા છતા આજની તારીખે આવી અપીલો સ્ટેટ એપેલેટ ઓથોરીટીઝ પાસે પડતર પડેલ છે. વળતર અને અન્ય મળવાપાત્ર કાર્યવાહી માટે આ પ્રકરણને ગુજરાત રાજયના ચીફ કમિશ્નર ઓફ ટેક્ષા સમક્ષા રજુ કરવા ચેમ્બરે ભારપુર્વક રજુઆત કરેલ છે. રાજકોટ ચેમ્બરની રજુઆત ધ્યાને લઈ ચીફ કમિશ્નરશ્રીમતી સીમા અરોરા દ્વારા તેનું જલ્દીથી નિરાકરણ લાવી શકાય તેવી ખાત્રી આપેલ હતી તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારો માટે સરકાર દ્વારા જાહેર કરાયેલ RoDTEP સ્કીમની જાણકારી-માર્ગદર્શન અંગે ઓનલાઈન વેબીનાર યોજવામાં આવેલ...

કેન્દ્ર સરકાર દ્વારા નિકાસકારો માટેની પ્રોત્સાહન આપતી MEIS સ્કીમને બંધ કરી તેની જગ્યાએ નવી The Remission of Duties and Taxes on Exported Products (RoDTEP) સ્કીમ તા.૦૧-૦૧-૨૦૨૧ થી અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત નિકાસકારોને પડતી મુશ્કેલીઓ અને સમસ્યાઓના નિરાકરણ અર્થે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા.૨૭-૦૧-૨૦૨૧ ના રોજ ઓનલાઈન વેબીનાર યોજવામાં આવેલ. જેમાં મુંબઈ સ્થિત નિષ્ણાંત વકતાશ્રી મિહીર શાહ દ્વારા નિકાસકારોને સંપુર્ણ જાણકારી-માર્ગશર્દન પુરૂં પાડવામાં આવેલ.

વેબીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી જણાવેલ કે સરકારશ્રી દ્વારા નિકાસકારો માટે પ્રોત્સાહનરૂપ નવી સ્કીમ RoDTEP જાહેર કરવામાં આવેલ છે. તેનું યોગ્ય અને સચોટ માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશથી આ વેબીનારનું આયોજન કરવામાં આવેલ છે જે નિકાસકારોને ખુબ જ ઉપયોગી બની રહેશે તેવી આશા વ્યકત કરવામાં આવેલ. ત્યારબાદ વેબીનારમાં ખાસ ઉપસ્થિત ફીઓના વેસ્ટર્ન રીજીઓનલ ચેરમેનશ્રી ખાલિદ ખાન તથા રાજકોટના જોઈન્ટ ડીજીએફટીશ્રી અભિષેક શર્માએ રાજકોટ ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ વેબીનારમાં આમંત્રણ આપવા બદલ આભાર વ્યકત કરેલ તેમજ સરકારે નિકાસકારો માટે જાહેર કરેલ RoDTEP સ્કીમ અંગેની વિવિધ સ્પષ્ટતાઓ તથા માહિત વિશે જાણકારી આપવામાં આવેલ. વધુમાં શ્રી અભિષેક

શર્માએ નિકાસકારોને આ બાબતે કોઈપણ સમસ્યા હોય તો રાજકોટ ડીજીએફટી ઓફિસનો સંપર્ક સાધવા પણ જણાવેલ છે.

વેબીનારના મુખ્ય વકતાશ્રી મિહીર શાહએ આયાત-નિકાસ અંગેના વિવિધ પાસાઓની ચર્ચા કરી નિકાસકારો માટે સરકારે MEIS સ્કીમને બંધ કરી નવી RoDTEP સ્કીમ જાહેર કરેલ છે તેની જાણકારી આપતા જણાવેલ કે આ સ્કીમમાં હજુ અમુક સ્પષ્ટતાઓ ન થવાના કારણે નિકાસકારો મુશ્કેલીઓ ભોગવી રહયા છે. શ્રી મિહીર શાહ દ્વારા (૧) નિકાસકારોને મનાત ના નવા લોન્ચ થયેલ પોર્ટલમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટે જરૂરી તમામ માહિતી તથા દસ્તાવેજો પુરા પાડવા બાબત માહિતી આપવામાં આવેલ. (૨) ICEGATE માં લોગીન અને રજીસ્ટ્રેશન માટે જરૂરી વિગતો અને પ્રક્રિયાઓ અંગે માહિતી આપેલ. (૩) RoDTEP સ્કીમ વિશે સંપુર્ણ માહિતી જેમ કે, આ સ્કીમની પશ્ચાતભુમી એટલે કે તત્કાલીન MEIS સ્કીમના સ્થાને RoDTEP સ્કીમ દાખલ કરવા માટે શ્રી જી. કે. પિલાયના વડપણ હેઠળ નિમાયેલ કમિટીની રચના તથા સદર કમિટી દ્વારા પાઠવવામાં આવેલ અહેવાલ ઉપર કેન્દ્ર સરકારશ્રીએ હાથ ધરેલ પ્રક્રિયાઓની જરૂરી પ્રાથમીક વિગતો પુરી પાડયા બાદ આ સ્કીમ અંતર્ગત ઓનલાઈન રજીસ્ટ્રેશન તથા પુરા પાડવા યોગ્ય દસ્તાવેજોની વિસ્તૃત જાણકારી અપવામાં આવેલ. (૪) RoDTEP સ્કીમને આનુશાંગીક સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ વિવિધ માર્ગદર્શિકાઓ તથા તાજેતરની અખબારી યાદીઓ વિશે માહિતી આપેલ. (૫) કાયમી ધોરણે રહેતી ભુલો તથા તેના નિવારણ અર્થે હાથ ધરવા યોગ્ય ઓનલાઈન અમલીકરણ અને પાલન કરવા માટેની વિગતો વિગેરે વિવિધ મુદ્દાઓ ઉપર તેઓએ પાવરપોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા વિસ્તૃત જાણકારી પુરી પાડવામાં આવેલ. સાથોસાથ ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ વિવિધ પ્રશ્નોની છણાવટ કરી યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ.

વેબીનારના અંતમાં રાજકોટ ચેમ્બરના ખજાનચીશ્રી ઉત્સવભાઈ દોશીએ ઉપસ્થિત મહાનુભાવો તથા નિકાસકારોનો આભાર વ્યકત કરેલ તેમજ સમગ્ર વેબીનારનું સંચાનલ રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારો માટે જાહેર કરાયેલ RoDTEP સ્કીમ હેઠળ મળવપાત્ર લાભ તથા રાહતો અંગેની સ્પષ્ટતાઓ તથા માર્ગદર્શન અંગે કેન્દ્રીયમંત્રીશ્રી પિયુષ ગોયેલ સમક્ષ રજુઆત કરાવામાં આવેલ...

ભારત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ The Remission of Duties and Taxes on Exported Products (RoDTEP) સ્કીમ તા.૦૧-૦૧-૨૦૨૧ થી અમલીકૃત કરવામાં આવેલ છે. તત્કાલીન MEIS ના સ્થાને લાગુ કરાયેલ સદર સ્કીમ સમગ્ર ઉદ્યોગ અને વેપાર જગતને ઉપયોગી અને લાભદાયી રહેશે. તેમ છતા આ સ્કીમ હેઠળ મળવાપાત્ર લાભો તથા રાહતો અંગે કેટલીક સ્પષ્ટતાઓ અને માર્ગદર્શન જરૂરી લાગતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજયમંત્રીશ્રી પિયુષ ગોયેલ સમક્ષા નીચે મુજબ વિસ્તૃત મુદ્દાસર રજુઆત કરવામાં આવેલ છે.

(૧) RoDTEP સ્કીમ હેઠળ મળવાપાત્ર લાભ તથા રાહતોની આગામી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધીમાં સંપુર્ણપણે જાહેરાત કરવામાં આવે.

(૨) આ સ્કીમ હેઠળ મળતા લાભો કે રાહતોને ઈન્સટેન્ટીવ તરીકે ગણવામાં ન આવે.

(૩) વિવિધ EOU Jobbing, સેઝ યુનિટ વગેરેને પણ તેઓ નિકાસ પ્રવૃતિ સાથે સંકળાયેલા હોવાને કારણે સદર RoDTEP સ્કીમનો લાભ આપવો.

(૪) નિકાસકારો દ્વારા નિર્યાત કરાયેલ માલ સામાન ચોક વેરીફીકેશન પ્રક્રિયા પુર્ણ થયા બાદ જ નિકાસ કરી શકે છે. આ કારણે લેટ એકસપોર્ટ ઓર્ડરમાં ચોક કરાવવાથી સમગ્ર વ્યવહારમાં વિલંબ ઉભો થતો હોવાથી એક જ પ્રક્રિયા દોહરાવવામાં ન આવે.

(૫) અનેક નિકાસકારો નિશ્ચિત કરાયેલ ડેકલેરેશન ન કરી શકવાને કારણે અથવા જરૂરી કોડનો ઉલ્લેખ ન કરી શકવાને કારણે મળવાપાત્ર લાભોથી વંચિત રહી ગયેલ છે. હખતહ દ્વારા ઈલેકટ્રોનીક પ્લેટફોર્મ લાગુ કરાયા બાદ નિકાસકારોને મળવાપાત્ર લાભો આવા કારણસર વંચિત રાખવામાં ન આવે.

(૬) આ સ્કીમ ચુકવાયેલ ટેક્ષ કે ડયુટી પરત કરતી સ્કીમ છે. એટલે કે નિકાસ દ્વારા ચુકવાયેલ ડયુટીની અમુક રકમ નિયમ મુજબ પરત આપવામાં આવે છે. આ સંજોગોમાં અન્ય પરત ચુકવણી સ્કીમ જેવી કે ડયુટી ડ્રોબેક અથવા રીફંડ માધ્યમો આ સ્કીમ અમલમાં બાધારૂપ બનવી જોઈએ નહી. આ સ્કીમ હેઠળ સંપુર્ણ ટેક્ષ કે ડયુટીની પરત ચુકવણી થવી જોઈએ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારોને MEIS સ્કીમ હેઠળ મળવપાત્ર લાભની રકમ વ્યાજ સહિત ચુકવવા સરકારશ્રીમાં રજુઆત કરાયેલ...

નિકાસકારો કોરોના મહામારીના લોકડાઉનમાંથી પસાર થઈ આર્થિક મંદીનો સામનો કરી રહયા છે અને ધંધા-રોજગાર ઉપર ગંભીર અસર પડી રહી છે અને તેમાંથી ઉજાગર થવા પ્રયાસ કરી રહયા છે. નિકાસકારો તેઓના ઓર્ડર બુક કરતી વખતે Merchandise Exports from India Scheme (MEIS) સ્કીમ હેઠળ મળતા વિવિધ લાભોને નજર સમક્ષ રાખીને ઓર્ડર કિંમત નકકી કરતા હોય છે. ત્યારે કેન્દ્ર સરકારની નિકાસકારો માટેની MEIS સ્કીમ તા.૩૧-૧૨-૨૦૨૦ ના રોજ પુર્ણ થયેલ છે. તે સ્કીમ અંતર્ગત તા.૧-૪-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન આશરે ૧૫૦૦ જેટલા નિકાસકારોને MEIS સ્કીમ હેઠળ હજુ પણ આશરે રૂ.૯૦૦ કરોડ જેવી માતબાર રકમના મળવાપાત્ર લાભો ચુકવવાનો બાકી છે. આટલી વિશાળ રકમના લાભો નિકાસકારોને વ્યાજ સહિત તાત્કાલીક ચુકવવા ભારપુર્વક રજુઆત છે.

સાથોસાથ કેન્દ્ર સરકારે MEIS સ્કીમ ને બંધ કરી તેના અરસામાં The Remission of Duties and Taxes on Exported Products (RoDTEP) તા.૦૧-૦૧-૨૦૨૧ થી અમલમાં મુકેલ છે. જેમાં નિકાસકારોને ઘણી મુશ્કેલીઓ પડી રહી છે. તેથી નિકાસકારો માટે જાહેર કરાયેલ નવી સ્કીમના મળવાપાત્ર લાભો કે રાહતોની સંપુર્ણ જાણકારી પણ તાત્કાલીક પુરી પાડવા બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રના વાણિજયમંત્રીશ્રી પિયુષ ગોયેલ તથા સાસંદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા સમક્ષા રજુઆત કરવામાં આવેલ છે.




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત ચેમ્બર, રીજીઓનલ ચેમ્બર્સ તથા વિવિધ એસોસીએશનો એક મંચ પર : માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં વિચાર-વિમર્શ કરવામાં આવેલ...**

ગુજરાતના ઉદ્યોગોને વિશ્વના ફલક પર લાવવા ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી કટીબધ્ધ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હોટેલ સૈયાજી ખાતે તા.૨૧-૦૧-૨૦૨૧ ના રોજ ગુજરાત ચેમ્બર, ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા વિવિધ એસોસીએશનોના

પ્રતિનિધિઓ એક મંચ પર રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે વિચાર-વિમર્શ કરી શકે અને પોતાના પ્રશ્નો વિસ્તૃત રીતે રજુ કરી શકે તે માટેનું આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમનના પ્રારંભે રાજકોટ ચેમ્બર, ગુજરાત ચેમ્બર, ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર્સ તથા હોટેલ સૌયાજીના પ્રતિનિધિઓ દ્વારા માનનીય મંખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને મોમેન્ટો અર્પણ કરી સન્માનીત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ મિટીંગમાં ઉપસ્થિત રહી વેપાર-ઉદ્યોગ જગતાના તમામ મહાનુભાવોને આવકારેલ. તેમજ વેપાર-ઉદ્યોગને લગતા પ્રશ્નોનું યોગ્ય અને સચોટ અને નિરાકરણ આવે તેવી આશા વ્યકત કરેલ હતી.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદ્બોધન કરતા જણાવેલ કે જયારે ભારત દેશમાં કોરોનાની શરૂઆત થયેલ ત્યારે ઘણા ઓછા લોકો પીપીઈ કીટ બનાવતા હતા ત્યારે સમગ્ર વિશ્વમાં ભારત દેશ પીપીઈ કીટ બનાવતો વિશ્વમાં બીજા નંબરનો દેશ બન્યો છે. જે આતમ્નિર્ભરતાની તાકાત છે. ભારત દેશમાં એફડીઆઈના ઈન્વેસ્ટેમેન્ટમાં ગુજરાત રાજય ૫૩% સાથે સૌથી મોખરે છે. કોરોનાની રસીમાં પણ ભારત સ્વનિર્ભર બની પડોશી દેશોને રસી પહોંચાડી રહયું છે. સાથો સાથ વેપાર-ઉદ્યોગને વિકાસને લગતા પ્રશ્નો સરકાર સુધી પહોંચાડવા અને તેનું યોગ્ય નિરાકરણ આવે તે ચેમ્બરોની ફરજ છે. અને રાજયના વિકાસમાં હંમેશા તમામ ચેમ્બરોએ સિંહફાળો આપ્યો છે.

વધુ વિગતો આપતા પ્રમુખશ્રીએ જણાવેલ કે વેપાર-ઉદ્યોગને લગતા ઘણા પ્રશ્નો અને સમસ્યાઓ મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર મુકેલ જેમાં ખાસ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસીમાં નાના મોટા ફેરફાર કરવા જરૂરી છે. સોલાર પોલીસીમાં જમીન એનએ કરવાને બદલે બીન ખેતીનો આકાર લઈ પ્રક્રિયા સરળ બનાવવી, એરોસ્પેસ એન્ડ ડિફેન્સ પોલીસીમાં ફેરફારો કરવા, ઈન્ડસ્ટ્રીયલ સુચિત સોસાયટીઓને ધારાધરોણની ફી લઈ રેગ્યુલાઈઝ કરવી, પાપડમાં જીએસટીમાં ૦% ને બદલે ૧૮% ટેક્ષા વસુલાય છે તો તેમાં ઘટતું કરવું, ઈમિટેશન એસેસરીઝમાં ૩%ને બદલે ૧૮% વસુલાય છે તો તેમાં રજીઓનલ ચેમ્બરોને સાથે રાખી જીએસટી સંકલન સમિતિની રચના કરી સમયાંતરે મિટીંગો બોલાવવી, રાજકોટ ચેમ્બર તથા ગુજરાત ચેમ્બરને પોતાનો વ્યાપ વધારવા ટોકનદરે જમીન ફાળવી અને ગ્રાન્ટ આપવી, રાજકોટ-અમદાવાદ હાઈ-વે ૬ લેન માટે કુવાડવા જીઆઈડીસીના જમીન ધારકોને કપાત અંગે વળતર આપવું,

ખિરસરા જીઆઈડીસીમાં જમીન લેવલ કરવા બાબત, જીઆઈડીસીના સોલીડ વેસ્ટના નિકાલ માટે જમીન ફાળવવી, એમએસએમઈનો વ્યાપ વધારે હોય નવી જીઆઈડીસી ફાળવી ૩૦૦૦ મીટરને બદલે ૫૦૦૦ મીટર જમીન ફાળવવી, પ્રોફેશનલ ટેક્ષ સદંતર નાબુદ કરવો, રાજકોટ ખાતે આજી રિવરફ્રન્ટની કામગીરી ઝડપી બનાવવી, રીજીઓનલ ચેમ્બરો સાથે દર બે મહિને મિટીંગ કરી વેપાર-ઉદ્યોગોના પ્રશ્નનો નિકાલ લાવવો, ઉપરાંત કોરોનાની રસી આપવાની શરૂઆત થઈ ચુકી છે અને કોરોનાનું સંક્રમણ ઘટયું છે ત્યારે રાજ્યોના ૪ શહેરોમાં રાત્રી કર્ફયું નાબુદ કરવો જેવા વિવિધ પ્રશ્નો મુખ્યમંત્રીશ્રીને લેખિતમાં આપ્યા બાદ ધ્યાન ઉપર મુકવામાં આવ્યા હતા.

ત્યારબાદ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી નટુભાઈ પટેલએ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં આ મિટીંગનું આયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરેલ અને ગુજરાત વેપાર-ઉદ્યોગને લગતા પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરી તેનો સત્વરે નિરાકરણ લાવવા મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરેલ હતી.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સૌ પ્રથમ વેપાર-ઉદ્યોગની આ મિટીંગમાં આમંત્રીત કરવા બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરતા જણાવેલ કે ચેમ્બર એ મહાજન છે અને મહાજનોની ગરીમા અને પરંપરાનો ઈતિહાસ ભુતકાળથી ચાલ્યો આવે છે ત્યારે મહાજનોની ઘણી અપેક્ષાઓ હોય છે અને તેને સાર્થક કરી યોગ્ય નિરાકરણ લાવવા માટેના પ્રયાસો સરકાર કરી રહી છે. રાજય સરકાર દ્વારા વેપાર-ઉદ્યોગને પ્રથમ પ્રાધાન્ય આપી તેની ગતિવિધીઓને વધુ વેગવંતી કરવા માટે ઘણી નવી પોલીસીઓ, રાહત પેકેજો ફાળવવામાં આવ્યા છે અને તેને કારણે રોજગારી પણ વધી છે. એમએસએમઈ ને વધુ મજબુત બનાવવા પ્રયાસો કરી રહયા છીએ. રાજય સરકાર ઈમાનદારી, પારદર્શકતા, નિર્ણાયકતા અને સંવેદનશીલતા આ ચાર પાયા ઉપર કામ કરી રહી છે. ત્યારે આ ચાર પાયાને લક્ષામાં લઈ રાજયના વિકાસને અમો આગળ ધપાવી રહયા છીએ અને નવું ભારત તથા આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવું છે.

રાજય સરકાર હજુ વધુ નવી જીઆઈડીસી બનાવવાનો પ્રયાસ કરી રહી છે. જેમાં બહુમાળી બનાવી ઉદ્યોગકારોનું કોસ્ટીંગ નીચું લાવવું અને જે રોકાણ કરે છે તેનું કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ ઓછું થાય, વ્યાજનું ભારણ ઘટે એ સરકાર પ્રયત્નશીલ છે. જીઆઈડીસીના અનેક પ્રશ્નો હતા તે રાજય સરારે આત્મનિર્ભર ગુજરાતમાં રૂા.૪૫૦ કરોડ ફાળવી પ્રશ્નોને હલ કરી દીધા છે અને હજુ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ

મોદીના ૫ ટ્રીલીયલન ડોલર ઈકોનોમીના સપનાને સૌ સાથે મળી સાર્થક કરવાનું છે. વિશ્વની હરીફાઈમાં રાજય સરકાર ઉભું રહેવા માટે તૈયાર છે. એકસપોર્ટના માર્કેટો સર કરવા છે. ત્યારે ચાઈનાની જેમ આપણે પણ મેઈડ ઈન ઈનિડયા કે મેઈડ ઈન ગુજરાત પ્રોડોકટોને પ્રાધાન્ય આપીએ. મોરબીનો સિરામીક ઉદ્યોગ ચાઈનાને એકસપોર્ટ કરે છે અને હાલ ૧૫૦૦૦ કરોડનું એકસપોર્ટ ગાય છે તે આપણા માટે ગૌરાવની વાત છે. આથી રાજય સરકારે ગુજરાતના વેપાર-ઉદ્યોગ માટે એમએસઅમેઈ, સોલાર, ટુરીઝમ જેવી અનેક પોલીસીઓ અને રાહત પેકેજો આપી વેપાર ધંધાની ગતિવિધીઓ વધારવા પ્રયાસ કયર્ા છે. ગુજરાત સરકારે સોલાર પોલીસી અપનાવી વિજળી સરપ્લસ કરી ઉદ્યોગોને વિજકરમાં રાહત આપવા માટેના પ્રયાસો હાથ ધયર્ા છે. સાથો સાથ વેપાર-ઉદ્યોગને લગતા કોઈપણ પ્રશ્નો હોય તો આવનારા સમયમાં રીજીઓનલ ચેમ્બરની સંકલન સમિતિની રચના કરી દર બે મહિને નાણાપ્રધાનશ્રી નિતીનભાઈ પટેલ સાથે અને દર ત્રણ મહિને મુખ્યમંત્રીશ્રી સાથે મિટીંગનું આયોજન કરી ઉદ્યોગોને લગતા જે કાંઈ પ્રશ્નો હશે તેનું નિરાકરણ લાવવાની ખાતરી આપેલ હતી.

આ કાર્યક્રમમાં તમામ ચેમ્બરો, વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, કેબીનેટમંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ અગ્રણીશ્રી નિતીનભાઈ ભારદ્વાજ, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી વિગેરે મહાનુભાવો ઉપસ્િથત રહયા હતા.

કાર્યક્રમના અંતે રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ આભાર વ્યકત કરેલ અને ચેમ્બરના તમામ કારોબારી સભ્યોએ ખુબ જ જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.